# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ જુલાઇ-૨૦૨૨ પૂરક પરીક્ષાની અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજયની તમામ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમા ધરાવતી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ, વાલીઓ તથા વિદ્યાર્થીઓને જણાવવાનું કે, ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાની માર્ચ-૨૦૨૨ ની પરીક્ષામાં એક વિષયમાં અનુત્તિર્ણ થયેલ ઉમેદવારોની જુલાઇ પૂરક પરીક્ષા તા.૨૧/૦૭/૨૦૨૨ ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકથી યોજાનાર છે. પરીક્ષાર્થીઓના પ્રવેશપત્ર(હોલટિકિટ) તા.૧૧/૦૭/૨૦૨૨ ના રોજ સાંજે ૧૬:૦૦ કલાકથી બોર્ડની વેબસાઇટ **gen.gsebht.in** અથવા **gsebht.in** અથવા **gseb.org** પરથી શાળા દ્વારા શાળાનો ઇન્ડેક્ષ નંબર તથા શાળાનો નોંધાયેલ મોબાઇલ નંબર અથવા ઇ-મેઇલ આઇ.ડી. દ્વારા લોગીન કરી ડાઉનલોડ કરી શકાશે. પ્રવેશપત્ર(હોલટિકિટ)ની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના જુલાઇ-૨૦૨૨ પરીક્ષાના આવેદન મુજબ વિષય/વિષયો અને માધ્યમની ખરાઇ કરીને પ્રવેશપત્ર(હોલટિકિટ)માં નીચે નિયત કરેલ જગ્યાએ પરીક્ષાર્થીનો ફોટો ચોંટાડી, પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ નિયત જગ્યાએ શાળાના આચાર્યશ્રીનો સહી-સિક્કો (અડધી સહી અને સિક્કો ફોટા પર આવે તે રીતે) કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે. પ્રવેશપત્ર(હોલટિકિટ) સાથે પરીક્ષા માટેની ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની સૂચના (નં.૧ થી ૨૩) પ્રવેશપત્ર(હોલટિકિટ)ના પાછળના ભાગે પ્રિન્ટ કરી પરીક્ષાર્થી અને શાળાના આચાર્યશ્રીની સહી સાથે ફરજીયાત આપવાની રહેશે. પ્રવેશપત્ર(હોલટિકિટ) સાથે ઓનલાઇન મુકવામાં આવેલ વિતરણ યાદીમાં પ્રવેશપત્ર(હોલટિકિટ) તથા સૂચનાપ્રત આપ્યા બદલની પરીક્ષાર્થીની સહી લેવાની રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે. પરીક્ષાર્થીઓના આવેદન તથા પરીક્ષાર્થીના પ્રવેશપત્ર(હોલટિકિટ) માં દર્શાવેલ વિષય/વિષયો બાબતે કોઇ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર કચેરી ખાતેની સામાન્ય પ્રવાહ(ક-૧) શાખાનો જરૂરી આધારો સાથે દિન-૩ માં સંપર્ક કરવાનો રહેશે.

(એમ.કે.રાવલ)
સંયુકત નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૧૧/૦૭/૨૦૨૨
સ્થળ :- ગાંધીનગર